**Extra No. 1025**

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

**PUBLISHED BY AUTHORITY**

**Vol. LXVI ] TUESDAY, OCTOBER 14, 2025 / ASVINA 22, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

**PART I-B**

**CENTRAL SECTION**

**Government Notifications Published Under Land Acquisition Act Only**

**REVENUE DEPARTMENT**

**NOTIFICATION**

Sachivalaya, Gandhinagar, 14th October, 2025

**(The Right to Fair Compensation and Transparency in Land Acquisition, Rehabilitation and Resettlement Act, 2013) (30 of 2013)**

**Dist: Ahmedabad**

**No. AM-M-2025-782-LAM-142025-1215-GH:-** In exercise of the powers conferred by sub-section (1) of section 11 of the Right to Fair Compensation and Transparency in Land Acquisition, Rehabilitation & Resettlement Act, 2013 (No. 30 of 2013) (hereinafter referred to as "the Act"), the Government of Gujarat hereby declares that the land / lands mentioned in the Schedule annexed hereto is / are required for the purpose of acquisition for the public purpose of "Construction of Link Road from Ahmedabad-Dholera Expressway to Dholera International Airport."

(2) It is notified that, -

(1) The area of land / lands required for the above project is H. 01-59-98 Sq.mt. and is at Pipli Village of Dholera Taluka of Ahmedabad District;

(2) The public purpose involved in the above project are: For the purpose of construction of the infrastructure project of "Construction of Link Road from Ahmedabad-Dholera Expressway to Dholera International Airport."

(3) The reasons necessitating the displacement of the affected persons are –

Due to acquisition of the Land, specified in the SCHEDULE for public purpose of "Construction of Link Road from Ahmedabad-Dholera Expressway to Dholera International Airport."

(4) The summary of the Social Impact Assessment Report is as under: Under Section 10A of the Gujarat Act of 12 of 2016, exemption is given under Section 10A of the Act vide Revenue department, Government of Gujarat Notification No: AM-M-2025-482-LAM-142025-1215-GH. Dated: 22/07/2025 it is not required for the summary of the Social Impact Assessment Report.

(5) The particulars of the Administrator appointment under section 43 of the Act are as under– Additional Special Land Acquisition Officer, Ahmedabad.

(3) All the persons interested in these lands are hereby notified not to obstruct and disturb any Surveyor or other staff to enter upon and survey the land. Any transaction in respect of whole or part of these lands in whatsoever manner including by sale, lease, mortgage, change of name, exchange entered into after the date of this Notification made without permission of the Collector shall not be taken into consideration by the officer assessing the compensation under section 27 of the Act for a particular portion of the land as may be finally acquired.

(4) The Government of Gujarat, if satisfied about acquisition of the land for aforesaid public purpose, may publish final declaration under section 19 of the Act in this regard in the manner and timeframe so prescribed under the Act. In case the acquisition is dropped partially or entirely, such facts shall be notified in a proper manner as provided under the Act.

(5) In exercise of the powers under clause (g) of section 3 of the Act the state Government is pleased to designate Additional Special Land Acquisition Officer, Ahmedabad function and discharge the duties as Collector under the provisions of the Act in respect of these lands.

(6) Objection to the acquisition, if any, may be find the person interested within 60 (Sixty Days) from the date of the publication of this notification as provided under Section 15 of the act before Collector or Additional Special Land Acquisition Officer, Ahmedabad.

**SCHEDULE**

**District: Ahmedabad** **Taluka: Dholera** **Village: Pipli**

| Sr. No. | Old Survey No. | New Survey No. | Area to be Acquired (H.Are.Sqr.Mtr.) |
|---|---|---|---|
| 1 | 1080/6 | 141 | 00-90-89 |
| 2 | 1080/7 | 139 | 00-69-09 |
| | | **Total Area** | **01-59-98** |

By order and in the name of the Governor of Gujarat,

**RAJ NAMERA,**

Under Secretary to Government.

**મહેસૂલ વિભાગ**

**જાહેરનામું**

સચિવાલય, ગાંધીનગર, ૧૪મી ઓક્ટોબર, ૨૦૨૫

**(જમીન સંપાદન, પુન: સ્થાપન અને પુનર્વસનમાં વાજબી વળતર અને પારદર્શિતાનો અધિકાર અધિનિયમ, ૨૦૧૩)**
**(૨૦૧૩નો ૩૦મો)**

**જિલ્લો : અમદાવાદ**

**ક્રમાંક: અમ-મ-૨૦૨૫-૭૮૨-જઅમ-૧૪૨૦૨૫-૧૨૧૫-ઘ:-** જમીન સંપાદન, પુનઃસ્થાપન અને પુનર્વસનમાં વાજબી વળતર અને પારદર્શિતાનો અધિકાર અધિનિયમ, ૨૦૧૩) (૨૦૧૩નો ૩૦મો)ની કલમ-૧૧ની પેટા કલમ-(૧) હેઠળ (હવે પછી તેનો "સદરહુ અધિનિયમ" તેમ ઉલ્લેખ કરવામાં આવશે.) ગુજરાત સરકાર આથી જાહેર કરે છે કે આ સાથે જોડેલ અનુસૂચિમાં બતાવવામાં આવેલ જમીનોની જાહેર હેતુ માટે એટલે કે "અમદાવાદ ધોલેરા એક્સપ્રેસ વે થી ધોલેરા ઈન્ટરનેશનલ એરપોર્ટ સુધી લીંક રોડ"ના પ્રોજેક્ટ માટે જરૂર છે.

૨. આથી જાહેર કરે છે કે:

(૧) ઉપર જણાવેલ પ્રોજેક્ટ માટે જરૂરી જમીન કુલ ક્ષેત્રફળ હે. ૦૧-૫૯-૯૮ ચો.મી. છે અને તે મોજે. પીપળી, તા. ધોલેરા, જિ. અમદાવાદમાં આવેલ છે.

(૨) ઉપર જણાવેલ પ્રોજેક્ટમાં નીચે મુજબના જાહેર હિતનો સમાવેશ થાય છે. "અમદાવાદ ધોલેરા એક્સપ્રેસ વે થી ધોલેરા ઈન્ટરનેશનલ એરપોર્ટ સુધી લીંક રોડ"ના આંતરમાળખાકીય પ્રોજેક્ટના બાંધકામ માટે.

(૩) અસરગ્રસ્ત વ્યક્તિઓને ખસેડવાની જરૂરના કારણો નીચે મુજબ છે. "અમદાવાદ ધોલેરા એક્સપ્રેસ વે થી ધોલેરા ઈન્ટરનેશનલ એરપોર્ટ સુધી લીંક રોડ" માટે અનુસૂચિત વિસ્તારની જમીન સંપાદનના કારણે.

(૪) સામાજિક અસરોના મુલ્યાંકન અહેવાલ સંક્ષિપ્તમાં નીચે મુજબ છે. ગુજરાત અધિનિયમ-૧૨/૨૦૧૬ની કલમ-૧૦(એ) હેઠળ મહેસૂલ વિભાગના ગુજરાત સરકારના જાહેરનામા ક્રમાંક: અમ-મ-૨૦૨૫-૪૮૨-જઅમ-૧૪૨૦૨૫-૧૨૧૫-ઘ, તા.૨૨/૦૭/૨૦૨૫ થી મુક્તિ આપવામાં આવેલ છે. અધિનિયમની કલમ-૧૦(એ) હેઠળ સામાજિક અસરોના મુલ્યાંકનનો સંક્ષિપ્ત અહેવાલ આપવો જરૂરી નથી.

(૫) અધિનિયમની કલમ-૪૩ હેઠળ નિયુક્ત કરવામાં આવેલ વહીવટદારની વિગતો નીચે મુજબ છે.

વધારાના ખાસ જમીન સંપાદન અધિકારીશ્રી, અમદાવાદ.

૩. આ જમીનોમાં હિત ધરાવતી તમામ વ્યક્તિઓને આથી જાણ કરવામાં આવે છે કે કોઈ પણ સર્વેયરને અથવા અન્ય કર્મચારીઓને આ જમીન પર દાખલ થવા અને જમીનનો સર્વે કરવા અટકાવવા નહીં. આ જાહેરનામું બહાર પાડ્યા કલેક્ટરની પરવાનગી વગર આ જમીનની કે તેના કોઈ ભાગની કોઈ પણ સ્વરૂપે તબદીલી જેમાં વેચાણ, ભાડા પટ્ટે આપવી, ગીરવે મુકવી, નામ બદલવું અથવા નોંધણીમાં ફેરફાર કરવા નહીં. જો તેમ કરવામાં આવે તો અધિનિયમની કલમ-૨૭ હેઠળ જમીન સંપાદનના વળતરનું મૂલ્યાંકન કરતી વખતે આવા ફેરફાર પર વિચારણા કરવામાં નહીં આવે.

૪. ગુજરાત સરકારને જો ઉપર જણાવેલ જાહેર હેતુ માટે જમીન સંપાદન કરવા અંગે સંતોષ થશે તો સદરહુ અધિનિયમની કલમ-૧૯ હેઠળ, અધિનિયમમાં નિયત કરેલ સમયમર્યાદામાંની અંદર આખરી જાહેરનામું બહાર પાડશે. જો સંપાદન કરવાનું આંશિક રીતે અથવા પૂરેપૂરી રીતે રદ કરવામાં આવે તો હકીકત અધિનિયમની જોગવાઈ યોગ્ય રીતે જાહેર કરવાની રહેશે. તે મતલબનું છેવટનું જાહેરનામું યોગ્ય સમયમાં કાયદાનુસાર પ્રસિદ્ધ કરવામાં આવશે. સંપાદન અંશત: કે પૂર્ણત: જતું કર્યુ હોય તો તે હકીકત કાયદાનુસાર યોગ્ય રીતે જાહેર કરવામાં આવશે.

૫. સદરહુ અધિનિયમની કલમ-૩(જ) હેઠળ મળેલ સત્તાની રૂએ વધારાના ખાસ જમીન સંપાદન અધિકારીશ્રી, અમદાવાદને અધિનિયમની જોગવાઈઓ હેઠળ આ જમીનો માટે કલેક્ટર તરીકે ફરજો બજાવવા માટે નિયુક્ત કરે છે.

૬. આ જાહેરનામા પ્રસિદ્ધિની તારીખથી ૬૦ દિવસની અંદર અધિનિયમની કલમ-૧૫ મુજબ જો કોઈને સંપાદન બાબતે વાંધો હોય તો તેઓ કલમ-૧૫ હેઠળ કલેક્ટર અથવા વધારાના ખાસ જમીન સંપાદન અધિકારીશ્રી, અમદાવાદને રજૂઆત કરી શકશે.

**અનુસૂચિ**

**જિલ્લો: અમદાવાદ** **તાલુકો: ધોલેરા** **મોજે: પીપળી**

| અ.નં. | જૂનો સર્વે નંબર | નવો સર્વે નંબર | સંપાદન હેઠળની જમીનનું ક્ષેત્રફળ (હે.આરે.ચોમી.) |
|---|---|---|---|
| ૧ | ૧૦૮૦/૬ | ૧૪૧ | ૦૦-૯૦-૮૯ |
| ૨ | ૧૦૮૦/૭ | ૧૩૯ | ૦૦-૬૯-૦૯ |
| | | **કુલ ક્ષેત્રફળ** | **૦૧-૫૯-૯૮** |

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**રાજ નમેરા,**

સરકારના ઉપસચિવ.

---



Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press, Gandhinagar
Date : 2025.10.30 18:44:05 IST